સંક્ષિપ્ત સમાચાર

હેમાંગી શાહે MBBSની ડિગ્રી મેળવી સીંગવડ માહેશ્વરી સમાજનું ગૌરવ વધાર્યું

સિંગવડ : સિંગવડ માહેશ્વરી સમાજનું તથા બાંગડ પરિવારનું ગૌરવ વધારતી હેમાંગીબેન સુરેશ કુમાર શાહ (બાંગડ) જે એવો 16 3 2024 ના રોજ એમબીબીએસ ની ડોક્ટર ની ડિગ્રી એમએસ યુનિવર્સિટીના ડિન દ્વારા આપવામાં આવી જ્યારે હેમાંગીનો પહેલેથી જ અભ્યાસ બરોડા ખાતેથી કરવામાં આવ્યો હતો જ્યારે કોવિડ જેવી મહામારી વખતે પણ એસ.એસ.જી હોસ્પિટલમાં દર્દીઓની દેખરેખ કરી અને સારી સેવા આપવામાં આવી જ્યારે આ ઇન્ટરસિટી પૂરી થયા પછી હેમાંગી એમબીબીએસ ડોક્ટરનો ખિતાબ તેમના ડિન દ્વારા આપવામાં આવ્યું.

ફતેપુરાના સરસ્વા પુર્વ આરોગ્ય કેન્દ્ર ખાતે આશા સંમેલન અને વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ યોજાયો

ફતેપુરા : ફતેપુરા તાલુકા હેલ્થ કચેરી દ્વારા આશા સંમેલન અને વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ - ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય રમેશભાઈ કટારા ના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો. ફતેપુરા તાલુકા હેલ્થ કચેરી દ્વારા આશા સંમેલન અને વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ - ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું. ફતેપુરા તાલુકા હેલ્થ ઓફિસર ડો સુરેશ આમલિયર દ્વારા આખા વર્ષ દરમિયાન તાલુકામાં વિવિધ આરોગ્યની શાખાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ તેમજ આશા બેહનોએ પણ કરેલ કામગીરીને લઈને તેઓને બિરદાવવા તેમજ તેઓનુ પ્રોત્સાહન વધારવા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

હાલોલ ટાઉન પોલીસ અને બીએસએફના જવાનો દ્વારા ફ્લેગ માર્ચ યોજવામાં આવ્યું

હાલોલ : હાલોલ નગર ખાતે આગામી દિવસોમાં યોજાનાર લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને કાયદો વ્યવસ્થા અને સુરક્ષા સલામતીની પરિસ્થિતિની સમીક્ષા કરવા હાલોલ ટાઉન પોલીસ અને ભારતીય સૈન્યના બીએસએફના જવાનોએ ફ્લેગ માર્ચ યોજી પોલીસ તેમજ સૈન્ય બળનું શક્તિ પ્રદર્શન કર્યું હતું. લોકશાહીના મહાપર્વ ગણાતા એવા લોકશાહી ઇલેક્શન-2024 ની જાહેરાત થતાં સમગ્ર ભારતભરમાં લોકસભાની ચૂંટણીના બ્યુગલ વાગી ચૂક્યા છે અને લોકશાહીની ચૂંટણીને લઈને તમામ રાજકીય પાર્ટીઓ સહિત ચૂંટણી પંચ અને જે તે લોકસભા મતવિસ્તારનું સ્થાનિક વહીવટી તંત્ર તેમજ પોલીસ તંત્ર ચૂંટણીની આગોતરી તૈયારીઓમાં જોતરાઈ ગયું છે.

અમદાવાદથી પગપાળા દર્શનાર્થે જવા નીકળેલા આદિત્યસિંગનું લીમખેડા ભવ્ય સ્વાગત કરાયું

લીમખેડા : આજ રોજ અમદાવાદ થી પગપાળા બે જ્યોતિર્લીંગ અને અયોધ્યા, પ્રયાગરાજ, કાશી વિશ્વનાથ ધામે નીકળેલ આદિત્યસિંગ લીમખેડા પધારતા દાહોદ જિલ્લા હિન્દુ યુવા વાહિની અને સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા ભવ્ય સ્વાગત સન્માન કરવામાં આવ્યું. પગપાળા યાત્રાની મંગલ શુભકામના પાઠવી પ્રસ્થાન કરાવવામાં આવ્યું.

કાલોલમા કુંજેશકુમાર મહારાજની અધ્યક્ષતા હેઠળ લોટી ઉત્સવનો મનોરથ ઉજવાયો

કાલોલ : કાલોલ ની દશાલાડ વાડી ના મેરેજ હોલ મા રવિવારે સાંજે શ્રી કુંજેશકુમાર મહારાજના પાવન સાનિધ્યમાં ગૌ.વા. કાલીદાસ મોહનલાલ પરીખ અને ગૌ.વા. વિલાસબેન કાલીદાસ પરીખ ની માળા પહેરામણી અને યમુનાજી નો લોટી ઉત્સવ તથા ફૂલફાગ મનોરથ યોજાયો હતો કાલોલ ના ત્રણ મંડળની બહેનો એ પાઠ કર્યા બાદ ગોવર્ધનનાથજી મંદીર ના કીર્તનકારોએ કીર્તન કર્યાં હતા . પું મહારાજશ્રી એ પ્રાસંગીક પ્રેરક પ્રવચન કર્યું માળા પહેરામણી નુ મહત્વ સમજાવ્યુ હરી, ગુરુ, વૈષ્ણવ મા પોતાના ધનનુ વિનિયોગ કરવા જણાવ્યુ અને વૈષ્ણવો સાથે ફૂલો થી ખેલી હોળી મનોરથ ખેલ્યો હતો. મહાપ્રસાદીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

જો કોઈ મોટી દુઘર્ટના બને તો જવાબદાર કોણ? પોલીસ આવા વાહન ચાલકો પાસેથી ભરણ લે છે?

ટ્રાફિક પોલીસની બેદરકારીથી લોકોના જીવ સાથે ચેડાં કરતા વાહન ચાલકો

ગરબાડા તાલુકામાં વાહન ચાલકો ટ્રાફિકના નિયમોની નેવે મૂકી કોઈપણ પ્રકારના ડર વિના મુસાફરોને મોતની સવારી કરાવી રહ્યા છે

(પ્રતિનિધી) ગરબાડા, તા.18

ગરબાડા તાલુકા મથકમાં દાહોદ અલીરાજપુર હાઈવે ઉપર દરરોજ મુસાફરોને મોતની જોખમી સવારી કરાવતા વાહન ચાલકો નજરે પડતા હોય છે પરંતુ ગરબાડા પોલીસ દ્વારા કાર્યવાહી કેમ કરવામાં આવી નથી તે એક મોટો સવાલ છે.

ગુજરાતના માર્ગો ટ્રાફિકના નિયમોના ભંગ બદલ રક્તરંજિત થઈ રહ્યા છે.માર્ગ અકસ્માતના બનાવોમાં અનેક લોકો મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે અથવા તો ગંભીર ઈજાગ્રસ્ત થયા છે.ત્યારે ગરબાડા તાલુકા ખાનગી વાહન ચાલકો ટ્રાફિકના નિયમોની નેવે મૂકી પોલીસના કોઈપણ પ્રકારના ડર વિના મુસાફરોને મોતની સવારી કરાવી રહ્યા છે હાલ હોળીનો તહેવાર હોવાથી મજૂરી અર્થે ગયેલા લોકો પોતાને માદરે વતન પરત ફરી રહ્યા છે ત્યારે ખાનગી વાહન ચાલકો દ્વારા વાહનની અંદર લોકોને ઘેટાં બકરાંની જેમ બેસાડી તેમજ ગાડીની છતની ઉપર બેસાડી લાવી મોતની સવારી કરાવી રહ્યા છે તે તસવીરમાં ચોક્કસપણે નજરે પડી રહ્યા છે આ દાહોદ અલીરાજપુર માર્ગ ઉપર વાહન ચાલકોની બેદરકારીના કારણે ભારે અકસ્માતો સર્જાતા હોય છે છતાં પણ વધુ રૂપિયા રળી લેવાની લાલચે વાહન ચાલકો લોકોના જીવ સાથે ચેડાં કરતા સંકોચાતા નથી અને મુસાફરોને જોખમી સવારી કરાવતા જોવા મળી રહ્યા છે.

ત્યારે સવાલ એ થાય છે કે જો કોઈ પ્રકારની મોટી દુર્ઘટના બનશે તો જવાબદાર કોણ? શું ગરબાડા પોલીસ લોકોના જીવ ગુમાવ્યા પછી જ કોઈ કાર્યવાહી કરવા દોડધામ કરશે? શું આવા વાહન ચાલકો પાસેથી પોલીસ ભરણું લે છે? તેવા અનેક સવાલો ઉઠવા પામ્યા છે. દાહોદ જિલ્લા પોલીસ વડા આ બાબતે જરૂરી સંજ્ઞાન લે તેવી લોક માંગ ઉઠી છે.

પોલીસે કુલ ૩.૨૩.૭૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

દાહોદથી વડોદરા તરફ જતા કન્ટેનરમાં દારૂ ઝડપાયો

સોમવારે દાહોદ વડોદરા બાયપાસ હાઈવે પર દયાળકાંકરા ગામ પાસે વોચ ગોઠવી હતી

(પ્રતિનિધી) દાહોદ, તા.18

ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલ પોલીસને બાતમી મળી હતી કે દાહોદથી એક કન્ટેનરમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને વડોદરા તરફ જનાર છે, જે ચોક્કસ બાતમીના આધારે પોલીસે તા ૧૮ માર્ચ સોમવારે સવારે દાહોદ વડોદરા બાયપાસ હાઈવે પર દયાળકાંકરા ગામ પાસે વોચ ગોઠવી હતી, વોચ દરમ્યાન રોંગ સાઈડમાં બાતમી મુજબનું કન્ટેનર આવતા પોલીસ દ્વારા તેને અટકાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ પોલીસને જોઈને ચાલક અને ક્લીનર કન્ટેનર દૂરથી જ મૂકીને નાસી છૂટયા હતા, બીજી તરફ પોલીસ દ્વારા કન્ટેનરમાં તપાસ હાથ ધરતા રૂ ૮.૭૮ લાખની કિંમતના વિદેશી દારૂની નાનીમોટી બોટલ તથા બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો, પોલીસ દ્વારા રૂ ૧૫ લાખનું કન્ટેનર અને વિદેશી દારૂનો જથ્થો મળીને કુલ રૂ ૨૩.૭૮ લાખનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો, જ્યારે ગોધરા તાલુકા પોલીસમથકે કન્ટેનર ચાલક, માલિક વિદેશી દારૂનો જથ્થો મોકલનાર અને દારૂનો જથ્થો મંગાવનાર સહિત ચાર ઈસમો સામે ગોધરા તાલુકા પોલીસમથકે પ્રોહીબિશન ધારા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

સંખેડા સ્વામિનારાયણ મંદિર ખાતે મહા રક્તદાન કેમ્પનું આયોજન

(પ્રતિનિધી) સંખેડા, તા.18

સંખેડા તેમજ આજુબાજુના હરિભક્તો દ્વારા 65 યુનિટ જેટલું રક્તદાન કરવામાં આવ્યું હતું જે રવિવારના રોજ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય મહારક્તદાન કેમ્પનું શ્રી સ્વામિનારાયણ દેવ ગાદીના પરમ પૂજ્ય ધ. ધુ. શ્રી 1008 આચાર્યશ્રી અજેન્દ્ર પ્રસાદ મહારાજની પ્રેરણા થી સાત દેશો તેમજ 108 જેટલા સ્થળોએ એક જ દિવસે રાષ્ટ્રીય મહારક્તદાન કેમ્પ તેમજ આંતરરાષ્ટ્રીય મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું અને 21 જેટલી સહયોગી સંસ્થા દ્વારા શ્રી સ્વામિનારાયણ દેવ યુવક મંડળ ના યુવાનો તથા શ્રી લક્ષ્મીનારાયણ દેવ મહિલા મંડળના બહેનો દ્વારા આંતરરાષ્ટ્રીય મહારક્તદાન કેમ્પ મેડિકલ સ્ટાફ અને રક્તદાતાઓ માટે ની તમામ વ્યવસ્થા કરવામાં આવી હતી અને મોટી સંખ્યામાં રક્તદાતાઓએ રક્ત આપ્યું હતું અને સહયોગી બ્લડ બેંકોના સાથ સહકારથી આંતરરાષ્ટ્રીય રક્તદાન કેમ્પનું સફળતાપૂર્વક કાર્ય પૂર્ણ થયું હતું.

રોટરીના ડિસ્ટ્રિક્ટ ગવર્નરની અંધજન છાત્રાલયની મુલાકાતે

(પ્રતિનિધી) દાહોદ, તા.18

દાહોદ શહેર ની રોટરી ક્લબ ઓફ ડાયમંડ દાહોદ નું 2023-24 નાં વર્ષ નું નિરીક્ષણ ડિસ્ટ્રિક્ટ ગવર્નર રિતુ ગ્રોવરે કર્યું.

ક્લબનાં નિરીક્ષણ પશ્ચાત્ દાહોદ તાલુકા નાં છાપરી ગામ ખાતે આવેલ અંધજન છાત્રાલય ની મુલાકાત લીધી ત્યારે બાળકો ને મીઠાઈ,ચોકલેટ અને બિસ્કિટ વિતરણ કરી, સંગીત ક્ષેત્ર માં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર બાળકો ને પ્રમાણ પત્રો અને ગિટાર આપી બહુમાન કરાયું હતુ. કાર્યક્રમમાં ક્લબનાં પ્રમુખ હીરાલાલ સોલંકી,કોષાધ્યક્ષ રતનસિંહ બામણિયા, રીજીયન ચેરમેન ઉમંગ સક્સેના, ડિસ્ટ્રિક્ટ સેક્રેટરી મીનુ ગીલ, ક્લબ નાં સદસ્યો દેવાભાઈ રાઠોડ, જીતેનસિંગ ઠાકુર, સુરમલ ભુરીયા,બાબુભાઈ પરમાર ઉપસ્થિત રહી સફળ બનાવ્યો હતો.

દરેક કેસોની માહિતી જે તે વિસ્તારના મામલતદારને પહોંચતી કરવી પડશે

સમગ્ર દાહોદ જિલ્લામાં આચારસંહિતા લાગુ બેનર્સ, હોર્ડિંગ ઉતારવામાં આવ્યાં

(પ્રતિનિધી) દાહોદ/લીમખેડા, તા.18

આગામી 7 મેના રોજ લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ ના અનુસંધાને જિલ્લા કક્ષાએથી દેખરેખ અને સુચારૂ સંચાલન થાય તે માટે જિલ્લાની ૬ વિધાનસભા તેમજ સંતરામપુર સહિત મત વિસ્તારો માટે ચુંટણી પ્રક્રિયા દરમ્યાન કરવાની થતી અલગ-અલગ કામગીરી સારૂ તેમજ ચુંટણીના સંચાલનમા સરળતા અને અસરકારકતા સુનિશ્ચિત કરવા માટે ચુંટણી અધિકારી યોગેશ નિરગુડેના સુચારુ વ્યવસ્થાપન તેમજ માર્ગદર્શન હેઠળ જિલ્લા કક્ષાએ આપેલ યાદી મુજબ નોડલ અધિકારીઓની નિમણુંક કરવામાં આવે છે.

નોડલ અધિકારિઓની યાદી મુજબ લોકસભા ચૂંટણી અંતર્ગત ખર્ચની દેખરેખ માટે નોડલ અધિકારી તરીકે જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ નિમણુંક કરવામા આવી છે. જ્યારે મતપત્ર, પોસ્ટલ બેલેટ, ETPBS માટે તેમજ મતદાર યાદી માટે નોડલ અધિકારી પ્રાયોજના વહિવટદાર સ્મિત લોઢા, કાયદો અને વ્યવસ્થા, VM અને સુરક્ષા યોજના માટે નોડલ અધિકારી તરીકે પોલિસ અધિક્ષક રાજદીપ ઝાલા, મેનપાવર મેનેજમેન્ટ અને MCC માટે નોડલ અધિકારી જિલ્લા ગ્રામ વિકાસ એજંસી નિયામક બી.એમ. પટેલ, તાલીમ વ્યવસ્થાપન માટે નોડલ અધિકારી તરીકે જિલ્લા શિક્ષણ અધિકારી એસ.એલ. દામા, સામગ્રી વ્યવસ્થાપન માટે નોડલ અધિકારી તરીકે મદદનીશ ચેરીટી કમિશ્નર ડી.જે.મેકવાન તેમજ એ.આર.ટી.ઓ. સી.ડી. પટેલ, ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ માટે નોડલ ઓફિસર તરીકે જી.આર.ટી.સી. ડેપો મેનેજર એસ.કે.રોલ, કોમ્યુટરાઈઝેશન, સાયબર સિક્યુરિટી અને આઈટી માટે નોડલ ઓફિસર તરીકે ડી.આઈ.ઓ./એન.આઈ. સી. ચારુકુમારી, SVEEP માટે નોડલ અધિકારી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી એ.એ.બારિયા, ઈવીએમ મેનેજમેન્ટ માટે નોડલ ઓફિસર તરીકે જિલ્લા લોકલ ફંડ પરીક્ષક મદદનીશ સિદ્ધરાજ સોલંકી, મીડિયા માટે નોડલ ઓફિસર તરીકે જિલ્લા માહિતી નિયામક સુરેંદ્રભાઈ બલેવિયા, કોમ્યુનિકેશન પ્લાન માટે નોડલ ઓફિસર તરીકે બી.એસ. એન.એલ. એ.જી.એમ. મનીશ ટેલેરા તેમજ જિલ્લા પ્રોગ્રામ ઓફિસર આઈ.એચ.ચૌહાણની નિમણુંક કરવામા આવી છે.

IOCના અધિકારીઓ ,મામલતદારે રામનાથ ગામની મુલાકાત લીધી

ઈજાગ્રસ્તોને સહાય તથા જરૂરિયાત તાકીદે પૂર્ણ કરવા સુચનાઓ આપી

(પ્રતિનિધી) કાલોલ, તા.18

ગતરોજ કાલોલ તાલુકાના રામનાથ ગામે રાવળ ફળિમાં બનેલી ગોઝારી આગ હોનારતમાં બોટલ ફાટવાની ઘટનાને લઇ આજે સવારથી જ સમીક્ષાઓના દૌર શરૂ થયાં હતાં. કાલોલ પોલીસ સાથે મામલતદાર સ્ટાફ અને ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનના આલા અધિકારીઓએ ઘટના સ્થળે પહોંચી બોટલ ફાટવાની દુર્ઘટના ના ઝીણવટ ભર્યા અભ્યાસો બાદ પેપર વર્ક જેવી કામગીરીઓ હાથ ધરી હતી.

આ દરમ્યાન આજે વહેલી સવારે સ્થાનીક નેતા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સભ્યો સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતાં અને ઈજાગ્રસ્ત લોકોના પરીજનો સાથે નજીકના સગાઓને મળી શાંતવના આપી હતી. ગોઝારી દુર્ઘટનાથી સ્તબ્ધ અને નિસ્તેજ સ્થાનીક જનજીવનને થાળે પાડવાના પ્રયાસો બાદ સ્થળ પર જ કાલોલ મામલતદાર, પોસઇ અને ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનના આલા અધિકારીઓ સાથે બેઠક યોજી ઝીરો ટોલરન્સ પધ્ધતી પ્રમાણે નિષ્ઠાપૂર્વકની ફરજો બજાવવા આદેશો કર્યાં હતાં. ગંભીર રીતે દાઝી ગયેલા લોકોને દવા સારવાર ખર્ચ અને રોકડા સહાય સત્વરે મળે તે માટે ઓઇલ કંપનીના અધિકારીઓને તાકીદ કરતા તેઓએ વધુ સહાય માટે રાજય સરકાર સમક્ષ રજૂઆતો કરવાનો ભરોસો આપ્યો હતો.

કાલોલ નવા બજાર ગેટ પાસેથી બે યુવતીઓ ગુમ

(પ્રતિનિધી) કાલોલ, તા.18

કાલોલના નારણપુરા ખાતે રહેતા લક્ષ્મણસિહ રાઠોડે કાલોલ પોલીસ મથકે નોંધાવેલ વિગતો મુજબ ગત તા ૧૨/૦૩ ના રોજ પુત્ર રાજેન્દ્ર સાથે તેઓની પુત્રી પ્રવિણાબેન લક્ષ્મણસિંહ તથા ગીતાબેન મકવાણા બન્ને યુવતીઓ કાલોલ આવ્યા હતા અને ગીતાબેન ને કાલોલ ના પ્રવેશદ્વાર પાસે અને પ્રવિણાબેનને ભાથીજી મંદિર પાસે ઊતારી રાજેન્દ્ર કાલોલ પોસ્ટ ઓફીસ પાસે ખરીદી કરવા ગયેલ ત્યારબાદ જ્યાંથી પરત આવી જોતા પ્રવેશ દ્વાર ઉપર અને ભાથીજી મંદિર ખાતે બંને યુવતીઓ જોવા મળી નહોતી ફોન દ્વારા સંપર્ક કરતા ફોન ઉપાડેલ નહિ જેથી કોઈને પણ કહ્યા વગર બન્ને યુવતીઓ ગુમ થઈ હોવાની વિગતે પોલીસ મથકે જાણ કરતા આગળની તપાસ હાથ ધરી છે.

દારૂ પી કારમાં છાકટા બનેલા ત્રણ ઈસમોને વેજલપુર પોલીસે ઝડપ્યા

(પ્રતિનિધી) કાલોલ, તા.18

વેજલપુર પોલીસ સ્ટેશન નો સ્ટાફ નાઈટ પેટ્રોલીંગ માં હતો ત્યારે પીએસઆઈ ને ખાનગી રહે બાતમી મળેલ કે પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહિના કેસનો આરોપી રોહિતભાઈ બારીયા કાળા કલરની બોલેરો ગાડીમાં લીસ્ટેડ બુટલેગર પ્રકાશ પટેલ સાથે કોઈ કેફી પીણું પીતા હોય અને ડ્રાઈવિંગ કરતા હોય તથા ભમ્મર-ઘોડા બાજુ ફરતા હોય તેવો વિડિયો તેઓએ ઓનલાઈન સ્ટેટસ માં મુકેલ છે અને હાલ કાનોડ બાજુ ફરે છે જે વેજલપુર તરફ આવનાર છે. જે બાતમી આધારે પોલીસે કાનોડ ચોકડી થી અંદરના ભાગમાં વાહન ચેકિંગ શરૂ કરેલ. દરમિયાન કાર આવતા તેને રોકીને તપાસ કરતા રોહિત બારીયા, પ્રકાશ પટેલ તથા અનિરુદ્ધ ચૌહાણ બેઠેલા જોવા મળે પોલીસે તેઓની અંગજડતી કરતા બે મોબાઈલ ફોન મળી આવેલ તેમજ બોલેરો ની પાછલી સીટ ઉપર નીચેના ભાગમાં બિયરના ત્રણ ટીન મળી આવેલ પોલીસો પૂછપરછ કરતા તેઓએ જણાવેલ કે ભમરઘોડા ફરવા માટે ગયા હતા અને મેલડી માતાને દારૂ ચડાવતો હોય નજીકમાંથી છ ટીન બિયરના લીધા હતા જે પૈકી એક ટીન માતાજીને ચડાવેલ બે ટીન તેઓએ પીધા હતા અને બાકી વધેલા ત્રણ ટીન ગાડીમાં મુકેલા. અને મનોરંજન માટે વિડીયો ઉતારેલો પીધેલી હાલતમાં પ્રસિધ્ધિ મેળવવા માટે સ્ટેટસ મૂકી ફેસબૂક સ્ટોરી મૂકી હોવાની કબૂલાત કરેલી. આ બિયર ના ટીન બાબતે તેઓ પાસે પાસ પરમિટ માંગતા તેઓ પાસે કોઈ આધાર પાસ પરમિટ જોવા મળેલ નહીં. પોલીસે ત્રણેયની ધરપકડ કરી કુલ 5.10 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ અને સાયન્સ કોલેજ, લીમખેડા વચ્ચે એમઓયુ

(પ્રતિનિધી) દાહોદ, તા.18

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસિયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, અને ગવર્નમેંટ સાયન્સ કોલેજ, લીમખેડા વચ્ચે એમઓયુ થયો. આ પ્રસંગે કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી.જે.ખરાદી અને ગવર્નમેંટ સાયન્સ કોલેજ, લીમખેડા ના આચાર્ય ડો. યોગેશ એસ.પટેલ હાજર રહ્યા હતાં. આ એમઓયુ થી બંને કોલેજ ના વિધ્યાર્થીઓ ને શૈક્ષણિક પ્રોગ્રામ, રિસર્ચ, માહિતી ની આપલે,સેમિનાર, કોન્ફરન્સ,વર્કશોપ નો લાભ મળશે અને તેમનો સર્વાંગી વિકાસ થશે.

વનવાસીઓ રોજીરોટી માટે માદરે વતનમાંથી હિજરત કરવા લાચાર અને મજબુર બન્યાં

આઝાદીના સાત દાયકા વિત્યાબાદ દાહોદ જિલ્લો ઘર આંગણે રોજગારીથી વંચિત

પાંગળી નેતાગીરીનો ઉત્તમ નમૂનો, ખોરડુ ભગવાન ભરોસે મુકી પલાયન

(પ્રતિનિધી) દાહોદ, તા.18

આઝાદીના સાડા સાત દાયકા વીતી ગયા છતાં દાહોદ જિલ્લામાં ઘર આંગણે રોજગારીના સ્ત્રોત ઊભા કરવામાં તમામ સરકારો નિષ્ફળ જતા આજે પણ જિલ્લાનો આદિવાસી રોજગારી માટે પોતાના ઢોર ઢાંખર તથા ખોરડું ભગવાન ભરોસે મૂકી માદરે વતન છોડી રાજ્યમાં અન્યત્ર જવા મજબૂર બન્યો છે. આ મજબૂરી ટાળવા માટે જિલ્લામાં પોતાને આદિવાસીઓના મસીહા કહેવડાવતા તેમનામાંના જ નેતાઓ પણ કાંઈ કાઠું કાઢી ન શકતા દાહોદ જિલ્લાનો આદિવાસી રોજી રોટી માટે માદરે વતનમાંથી હિજરત કરવા લાચાર અને મજબૂર બન્યો છે. તેવા સમયે આદિવાસીઓની વિટંબણાઓને ધ્યાને લઈ ઘર આંગણે રોજગારી મળી રહે તે માટે દાહોદમાં રેલવેના નવા એન્જિન બનાવવાનું કારખાનું વડાપ્રધાનના પ્રયાસથી હાલમાં ચાલુ કરવામાં આવ્યું છે. ત્યારે તેમાં જિલ્લાના કેટલાને રોજી મળી રહેશે તે હવે જોવું રહ્યું!!!

દાહોદ જિલ્લામાં સિંચાઈની પૂરતી સુવિધાના અભાવે દાહોદ જિલ્લાનો ખેડૂત માત્રને માત્ર ચોમાસાના વરસાદ પર આધાર રાખી ખેતી કરતો હોવાથી ખેતીની સિઝન બાદ મજૂરી માટે ફાફા મારતો જોવા મળે છે. આઝાદીના સાડા સાત દાયકા વીતી ગયા અને આ સાડા સાત દાયકામાં કેટલીયે સરકારો આવી અને ગઈ, કેટલા ધારાસભ્યોને સાંસદો ચૂંટાયા અને ગયા, પરંતુ તે તમામે દાહોદ જિલ્લાના વિકાસ માટે કાંઈ જ ન કર્યું. ઘર આંગણે રોજીના સ્ત્રોત ઊભા કરવાના પ્રયાસો સુદ્ધા ન કર્યા અને પોતાની શાળાઓ, કોલેજો, પેટ્રોલ પંપો વગેરે ઉભા કરી પોતાની જ આવક ઊભી કરી પોતાના હિતનું જ કામ કરતા રહેવાના કારણે જિલ્લાનો આદિવાસી રોજી માટે લાચારવશ પોતાના ઢોરઢાખર અને કોરડું ભગવાન ભરોસે યા ઘરના વૃદ્ધ વડીલોને આશરે છોડી પોતાના કુટુંબ કબીલા સાથે માદરે વતનમાંથી હિજરત કરી રાજ્યમાં અન્યત્ર કામની શોધમાં નીકળવા મજબૂર બન્યો છે.